# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ જૂન-જુલાઇ(પૂરક) પરીક્ષા-૨૦૨૫ નું પરિણામ તારીખ ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું.પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા(CHANGE/NO CHANGE) દર્શાવતો રીપોર્ટ આજરોજ બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવે છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sci.gseb.org** પરથી તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૦૫/૦૮/૨૦૨૫ સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતો (SEAT NUMBER, MOBILE NUMBER AND PASSWORD) એન્ટર કરી, લોગ-ઇન થઇ ઓનલાઇન ડાઉનલોડ કરવાના રહેશે.

વધુમાં જણાવવાનું કે ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરીની વિજ્ઞાન પ્રવાહ(ક) શાખામાં જમા કરાવવાના રહેશે.

ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ ફકત ઓનલાઇન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતિ અમલમાં નથી. જેની સંબંધિત શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ તથા તમામ વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી.

(જે.એચ.ઝા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૨૫/૦૭/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર